# સંસ્કૃત સાહિત્ય અને કાવ્યશાસ્ત્ર માં શબ્દશક્તિ વિચાર

ડાભી પરબત એચ.
આસિસ્ટન્ટ પ્રોફેસર,
સંસ્કૃત વિભાગ,
એમ.એન.કોલેજ, વિસનગર

## ૧. પ્રસ્તાવના

સાહિત્યનું ઉપદાન શબ્દ છે. સાહિત્ય સિવાયની અન્ય કલાઓનાં માધ્યમોમાં પૂર્ણતઃ કે અંશતઃ નિસર્ગજન્ય સામગ્રી ખપમાં લેવાય છે. જ્યારે સાહિત્યના માધ્યમ તરીકે આવતો શબ્દ કેવળ માનવસર્જિત છે. એની સાથે મનુષ્ય જીવનની ઉત્પત્તિથી માંડીને ઉત્ક્રાંતિ સુધીના સૂક્ષ્માતિસૂક્ષ્મ સંકુલ સંદર્ભો સંકળાયેલા છે. રૂઢિઓ અને પરંપરાઓની એની ઉપર છાપાઓ પડેલી છે. શબ્દ વિચારોનો વાહક રહ્યા છે. શબ્દને સૂક્ષ્મ માધ્યમ ગણવા છતા એવું બનતું જ હોય છે કે કેટલાય વિચારો કે સંવેદનોને વ્યક્ત કરવા માટે એ અપૂરતું લાગતું હોય છે. પોતાની સંવિદમાં રમમાણ રહતી અનુભૂતિને શક્ય એટલી ક્ષમતા સાથ અભિવ્યકત કરવા સર્જક શબ્દની વિવિધ શક્તિઓને કસે છે. વિપુલ અનુભવ રાશિની તુલનાએ શબ્દનું સાધન અત્યંત સીમિત હોઈ સર્જક અલંકાર, પ્રતીક, પ્રતિરૂપ આદિ સામગ્રીનો ઉપયોગ કરે છે. શબ્દ સાથે સંકળાયેલા વિવિધ અધ્યાસો અને અર્થોને પણ સંકોચે-વિસ્તારે છે.

જેને આપણે 'શબ્દ' કહીએ છીએ. એ પણ કોઈક પદાર્થ,લાગણી કે અનુભવને વ્યકત કરતો સંકેત કે પ્રતીક છે. આ પ્રતીક એટલે જ કોઈક પ્રકારનો અર્થસંકેત.શબ્દના માધ્યમ દ્વારા સર્જકચિત્તની અનુભૂતિ ભાવક સુધી પહોંચે છે. ભાષાનું આ સાધન સર્જક અને ભાવકો વચ્ચે સેતુનું કામ કરે છે. જેમ શબ્દ અર્થનો વાહક બને છે. એમ ભાવનો પણ વાહક બને છે. શબ્દના આ મહિમાનો પૌરસ્ય પાશ્ચાત્ય મીમાંસકો જુદી-જુદી રીતે પુરસ્કાર કર્યો છે. ભામહ '**शब्दार्थो सहितौ काव्यम।**' કહી શબ્દ અને અર્થના સહિતત્ત્વને લક્ષે છે.

જગન્નાથ '**रमणीयार्थप्रतिपादकःशब्दःकाव्यम।**' કહી કેવળ રમણીય અર્થને લક્ષમાં રાખી રમણીયાર્થ-પ્રતિપાદક શબ્દને કાવ્ય કહે છે.આધુનિક ગુજરાતી વિવેચક સુરેશ જોષી શબ્દની આ શક્તિના ઉપયોગ અંગે કહે છે કે " કાવ્ય એટલે ભાષાની અભિવ્યકિતશકિતનો સમર્થ આવિષ્કાર." આવી શક્તિના આવિષ્કાર માટે શબ્દને એજ, રૂઢ, શબ્દકોશમાં આપેલા અર્થથી મુક્ત કરીને કાવ્યમાં એવો અપૂર્વ સંદર્ભ રચીને પ્રયોજ્યો કે જેથી એની બધી જ સંભાવ્ય દ્યોતનો પગટ થઈ શકે.પછી શબ્દનો કોઈ જડ નિશ્ચિય અર્થ રહે નહીં.

## ૨. શબ્દશક્તિ' એટલે શું ?

માણસને જન્મથી જ નિયત પ્રકારનો વારસો મળે છે. આ વારસો તથા વાતાવરણ થકી શૈશવકાળથી માનવ અન્ય અનેક વસ્તુઓની સાથે ભાષા શીખે છે. દરેક ભાષામાં નિયત શબ્દો અને તેમના નિયત અર્થો છે. પ્રત્યેક ભાષાના અધિકારી કોશો હોય છે, જેમના શબ્દોના નિયત અર્થો હોય છે. આ અર્થો ક્યાંથી આવ્યા? બાલ્યાવસ્થામાં તથા મોટા થતાં માનવ પોતાની આસપાસનાં વાતાવરણમાંથી આ શબ્દો અને તેમના અર્થો શીખે છે. આ અર્થો પરંપરાથી નક્કી થયા અને એ પરંપરા પાછળ પણ પ્રત્યેક શબ્દ તથા તેના અર્થના વિકાસનો ઈતિહાસ રહેલો છે. ભાષાવિજ્ઞાન માને છે તે પ્રમાણે શબ્દોના વિકાસની બાબતમાં જુદા-જુદા મતો છે. પરંતુ એ વિચારવાનું કે અમુક શબ્દનો અમુક જ અર્થ થાય છે. તેનું કારણ શું ? વળી આપણે આપણી ભાષામાં અમુક પ્રકારની ઉક્તિઓ બાંધીએ છીએ. જેમકે 'ખાડો ખોદે તે પડે', 'ઉજ્જડ ગામમાં એરંડા પ્રધાન', 'નબળો ધણી બૈરી પણ શૂરો' વગેરે. આ સર્વના અર્થો પણ સમાજમાં પ્રચલિત છે. વળી આપણો એ અનુભવ છે કે ભાષાના

માન્યાર્થ શબ્દો ઉપયોગમાં લેતાં તેમના અર્થોમાં થોડાક ફેરફાર કરીને આપણે તેને સમજીએ એવું પણ બને છે. દા.ત. 'જૂનાગઢ ગિરનારને ખોળે બેઠું છે' એટલે 'જૂનાગઢ ગિરનારની નજીક છે', 'દરેક ભણેલાને ખુરશીનો મોહ હોય છે' એટલે 'દરેક માણસને અધિકારનો મોહ હોય છે' આ પ્રકારના અર્થ કઈ રીતે સંભવે છે ? ઉપરાંત કાવ્યના ક્ષેત્રોમાં એક નવી જ પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે. કવિ લખે કાંઇ અને અર્થ કાંઈ નિર્દિષ્ટ હોય છે. દા.ત.શાકુન્તલમાં પ્રિયંવદા કહે છે કે '**चक्रवाकवधूःआमन्त्रस्य सहचरं,उपस्थिता रखनि।**' 'ચક્રવાકવધ' સહચરની વિદાય લઈને રાત્રે આવે છે, ત્યારે તેનો અર્થ થાય છે કે, 'હે શકુન્તલા, દુષ્યન્તની રજા લઈ લે. ગૌતમી આવે છે.ઉત્તરરામચરિતમાં સીતા રામ પરત્વે કહે છે કે '**भवतु तस्मं कोपिष्यामि यदि तं प्रेक्षमाणात्मनः प्रभविष्यामि।**' તેને જોતાં મને મારા પર પ્રભાવ રહેશે, તો તેનો ગુસ્સે થઈશ.' ત્યારે તેનો અર્થ થાય છે કે "હું રામની હાજરીમાં રામમય બની જાઉં છું તેથી તેના પર કદી ગુસ્સે ન થાઉં આમ કઈ રીતે બને છે ? શબ્દોમાં એવું શું છે જેને લીધે આ વિવિધ પ્રકારના અર્થો આમાંથી સંભવે છે ? અમુક શબ્દોનો અમુક અર્થ ક્યારે અને કંઈ રીતે નિયત થયો એ બાબત તર્કસંગ્રહાદિ "**अस्माच्छब्ददयमर्थो बौद्धव्यः इतीश्वरेच्छारुपः संकेत।**" અમુક મત આપે છે. ભાષાની જરૂરિયાત અને વિશેષ તો કાવ્યની આવશ્યકતાની દષ્ટિએ મમ્મટે શબ્દો અને તેમની શક્તિઓની તથા તેમાંથી નિષ્પન્ન થતા અર્થોની ચર્ચા નીચે પ્રમાણે કહી છે.

ભાષાના શબ્દોના, કાવ્યમાં ઉપયુક્ત થતા અને મર્યાદિત રીતે અનાયાસે જીવનવ્યવહારમાં પણ ઉપયોગમાં આવતા અર્થોમાં મુખ્ય ત્રણ પ્રકારના અર્થો મનાય છે. આના પરથી કઈ ભાષાના શબ્દોના ભાગ પાડીએ એમ ન કહી શકાય કે આ ત્રણ ભાગમાં વહેંચાયેલા શબ્દોના ઉપયોગ બાબત પ્રત્યેક કવિના અવકાશ પર મર્યાદા આવે અને વાચકને માટે પણ પારાવાર મુશ્કેલી થાય. વળી શબ્દોના આ વિવિધ અર્થોની આવશ્યકતા કાવ્ય માટે છે. તેથી આમ કરવામાં આવે તો કવિની વાણી જીવનવ્યવહારની વાણી વચ્ચે કશો સંબંધ ન રહે. કવિ વાચકો માટે લખે છે. તેથી સહૃદય વાચક અને કવિની વાણી એક જ હોય એ અનિવાર્ય રીતે જરૂરી છે. કવિ જીવનની જ વાણી બોલે અને છતાં તેમાંથી અવનવા અર્થ નિષ્પન્ન થાય એમાં જ કવિના કાવ્યનું સાર્થક્ય છે. કાવ્ય અને જીવનવ્યવહારની વાણી એક જ હોય એ અનિવાર્ય રીતે આવશ્યક છે, કારણ, કવિની વાણી સમજવા માટે સહૃદય વાચક કવિની ભાષાનો અભ્યાસ કરવા ન બેસી શકે. કવિ અને વાચકના હૃદય એક ત્યારે જ થાય જ્યારે ઉભયના સમાન હૃદયાનુભવો સમાન ઊર્મિઓ સહ એક જ ભાષામાં આત્મીયતાપૂર્વક વ્યક્ત થાય.

### ૩.શબ્દશક્તિ વિચાર

પરંપરાને અનુસરીને ભાષાના ત્રણ અર્થો આપતી ત્રણ શક્તિઓનો મમ્મટ ઉલ્લેખ કરે છે. "**स्याद्वाचको लाक्षणिकः शब्दोडत्र व्यञ्जकस्त्रिधा।**" આ ત્રણ શક્તિઓ છે, અભિધા, લક્ષણા અને વ્યંજના. અભિધા બીજી રીતે વાચ્યશક્તિ તરીકે પણ ઓળખાય છે. આમ, અભિધાશક્તિ શબ્દ પર કાર્ય કરતી હોય ત્યારે શબ્દ વાચ્યશબ્દ કહેવાય અને તેમાંથી વાચ્યાર્થ પ્રાપ્ત થાય. લક્ષણા શક્તિ કામ કરે ત્યારે લાક્ષણિક શબ્દ કહેવાય. જે લક્ષ્યાર્થ આપે અને એ વ્યંજના શક્તિ કાર્ય કરે ત્યારે વ્યંજક શબ્દ વ્યંગ્યાર્થ આપે અને એ રીતે શબ્દો ત્રણ શક્તિના યોગે ત્રિવિધ બને છે. અને ત્રિવિધ અર્થો આપે છે એકનો એક શબ્દ અનુક્રમે ત્રણ શક્તિના યોગે સ્વયં ત્રિવિધ બને, ત્રણ અર્થો આપે છે. સાથે એમ પણ સ્પષ્ટ થાય છે કે વાચ્યશક્તિ કે અભિધાશક્તિ વાચ્યાર્થ જ આપી શકે તેથી આ શક્તિનો ઉપયોગ આ અર્થ આપવામાં થતાં તેનું કાર્ય પુરું થઈ જાય છે. આમ સ્પષ્ટ કરવું જરૂરી છે, કારણ કે એક સાથે એક જ શક્તિ એક જ અર્થ આપી શકે એ બાબત ભાર મૂકવો આવશ્યક છે.

ટૂકમાં, શબ્દશક્તિના ત્રણ પ્રકારો છે. અભિધા, લક્ષણા અને વ્યંજના. આ ઉપરાંત કેટલાક તાત્પર્ય નામની ચોથી શક્તિ પણ દર્શાવે છે. ઉપર જોયું તેમ શબ્દને વાચક, લક્ષક અને વ્યંજક કહેવાય છે. તેના દ્વારા મળતા અર્થને અનુક્રમે વાચ્યાર્થ, લક્ષ્યાર્થ

કે વ્યંગ્યાર્થ કહેવામાં આવે છે અને જે પ્રક્રિયાથી એ અર્થ મળે છે. તેને અભિધાવ્યાપાર, લક્ષણાવ્યાપાર કે વ્યંજનાવ્યાપાર કહેવામાં આવે છે. આમ, શબ્દશક્તિના સમગ્રલક્ષી વર્ગીકરણને આપણે નીચે પ્રમાણે જોઈ શકીએ :




**સંદર્ભગ્રંથો**


૧. પટેલ,ગૌતમ **उत्तररामचरितम - भवभूति** પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

૨. ગાંધી, નટવરલાલ કે. **काव्यप्रकाशः उल्लासः** ૧,૨ - **मम्मट** પોપ્યુલર પ્રકાશન, સુરત

૩. શુકલ, રમેશ મ. **काव्यालङ्कार** ૦ **भामह** પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ

૪. ભાર્ગવ, દયાનંદ **तर्क-संग्रहः - अन्नंभट्ट,** મોતીલાલ બનારસીદાસ, દિલ્લી

૫. પરેખ, નગીનદાસ **रसगंगाधर खण्ड- १-जगन्नाथ,** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

૬. શાકુન્તલ- કાલિદાસ, અનુવાદક- ઉમાશંકર જોશી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,અમદાવાદ